બારી પર બેઠેલા શ્રમિકને ચક્કર આવતા પટકાતા મોત

સુરત: મૂળ છત્તીસગઢનો વતની અને હાલ સરથાણા બાપાસીતારામ ચોક નજીક નીલકંઠ હેવન નામની નવી બંધાતી બિલ્ડિંગમાં પરિવાર સાથે રહેતો 25 વર્ષીય માયારામ પલતભાઈ પાટીલ ત્યાં જ મજૂરી કામ કરતો હતો. માયારામને સંતાનમાં એક પુત્ર છે અને તેની પત્ની પણ તેની સાથે જ મજૂરી કામ કરતી હતી. માયારામને છેલ્લા ચાર દિવસથી તાવ આવતો હતો. મંગળવારે સવારે તેને ગભરામણ થતાં તે બિલ્ડિંગના પહેલા માળે બારી પાસે બેસ્યો હતો. તે દરમિયાન અચાનક ચક્કર આવતા તે નીચે પટકાયો હતો. સારવાર દરમિયાન આજે વહેલી સવારે તેનું મોત નીપજ્યું હતું.

દેહવ્યાપાર માટે મહિલાઓ સપ્લાય કરનાર રાજુ પંડિતની ધરપકડ

સુરત: પુણા-કડોદરા રોડ પર લેન્ડમાર્કની સામે આવેલા ટાઇમ સ્કવેર બિલ્ડિંગના પહેલા માળે દુકાન નં.UG-૯માં NR સ્પામાં પોલીસે દરોડો પાડીને પકડેલી મહિલાઓને દેહવ્યાપાર માટે સપ્લાય કરનાર હિતેષ ઉર્ફે રાજુ પંડિત પોલીસે પકડી પાડ્યો હતો. રાજુ પંડિતની પૂછપરછમાં સ્પા સંચાલકો સુધી મહિલાઓ પહોંચાડવાના નેટવર્ક અંગે વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

પતિના વિરહમાં વૃદ્ધાએ એસિડ પીને જીવન ટૂંકાવ્યું

સુરત: રાંદેર પાલનપુર પાટિયા રોડ પર આવેલ શંકરનગરમાં 83 વર્ષીય શાંતાબેન લક્ષ્મણભાઈ ચોથાણી પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત જીવન વ્યતીત કરતા હતા. તેમના પતિનું છ મહિના પહેલા અવસાન થયું હતું. તેમજ 15 દિવસ પહેલા તેમના પુત્રના મગજનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આજે વહેલી સવારે શાંતાબેને ઘરની અગાસી પર જઈને એસિડ પી લીધું હતું. બનાવની જાણ થતા પરિવારજનો તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન શાંતાબેનનું મોત થયું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં, શાંતાબેન પતિના અવસાન બાદ માનસિક બીમારીથી પીડાતા હતા. જેના લીધે આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

એમ્બ્રોઇડરીના ખાતામાં વીજ કરંટ લાગતા યુવકનું મોત

સુરત: કાપોદ્રામાં એમ્બ્રોઇડરીના ખાતામાં કામ કરતા યુવકને વીજ કરંટ લાગતા મોત થયું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ કાપોદ્રા શ્રીરામનગર ખાતે આર.કે. ઇન્ડસ્ટ્રીઝ ખાતા નં-14માં 29 વર્ષીય બીપીન નગીનભાઈ જયસ્વાલ મિત્રો સાથે રહેતો હતો અને ત્યાં જ એમ્બ્રોઇડરીના ખાતામાં કામ કરી વતનમાં રહેતા પરિવારનું ગુજરાન ચલાવતો હતો. કાલે બપોરે બીપીનને એમ્બ્રોઇડરી મશીનમાં દાગા પોરવતી વખતે અચાનક વીજ કરંટ લાગતા લાગ્યો હતો. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો.

સ્તનપાનમાં બે માસના બાળકની શ્વાસનળીમાં દૂધ જતાં મોત

સુરત: મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ પર્વતપાટિયા ખાતે આવેલી સુમન સંગીની બિલ્ડીંગમાં રહેતા રવિ પરમેશ્વર ભંગારનો વેપાર કરી પત્ની અને બે માસના એકના એક પુત્ર યુવાનનું ભરણપોષણ કરે છે. આજે સવારે યુવાનની માતા તેને સ્તનપાન કરાવી રહી હતી. દરમિયાન અચાનક દૂધ શ્વાસનળીમાં જતાં યુવાનની તબિયત લથડી હતી અને તે બેભાન થઈ ગયો હતો. યુવાનને પરિવારજનો તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં, સ્મીમેરના ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો. માત્ર બે માસના એકના એક પુત્રનું અકાળે મોત થતાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

૧૫.૫૭ કરોડની ઠગાઈમાં ચિરાગનાં જામીન નામંજૂર

સુરત: ખટોદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂ.૧૫.૫૭ કરોડની છેતરપિંડી, વિશ્વાસઘાત અને બોગસ દસ્તાવેજો બનાવવા અંગેના ગુનામાં આરોપી ચિરાગ બારોટની જામીન અરજી સેસન્સ કોર્ટે રદ કરી હતી. જામીન અરજીના વિરોધમાં સરકાર પક્ષે એ.પી.પી. નિતિન ચોડવડીયા તેમજ મૂળ ફરિયાદી પક્ષે એડવોકેટ કેતન રેશમવાલા અને પાર્થ ધારાણીએ રજૂઆતો કરી હતી.

મેયર કોન્ફરન્સ ફ્લોપ શો

માત્ર 11 મેયર જ આવ્યા

સુરેન્દ્રનગરના મેયર છેક 11 વાગ્યા બાદ આવ્યા.

નવસારીના મેયર 11 વાગ્યે આવીને ભોજન બાદ નીકળી ગયા.

કોન્ફરન્સ પહેલાં જ પત્રકારોને બ્રીફિંગ આપી દેવામાં આવતાં આયોજનના હેતુ સામે સવાલ

સુરત : સુરત મહાનગરપાલિકાના ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે યોજાયેલી 'ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સ'ની ગુજરાત પ્રદેશ સ્તરની બેઠકનો જેટલો પ્રચાર થયો હતો, તેની સામે મેયરોની હાજરીએ આખા આયોજનને જાણે ફ્લોપ શો બનાવી દીધો. રાજ્યની 17 મહાનગરપાલિકાઓ પૈકી માત્ર 11 મનપાના મેયરો જ સુરત પહોંચ્યા હતા. એટલે કે, ગુજરાતની અડધીથી થોડા વધુ મનપાના મેયરોની હાજરીમાં 'મેયર કોન્ફરન્સ'નું આયોજન થયું હતું.

આયોજનની શરૂઆતથી જ સમયપાલનનો અભાવ નજરે પડ્યો. સવારે સાડા નવ વાગ્યે પત્રકાર પરિષદ રાખવામાં આવી હતી, પરંતુ જે 10 મેયર જ સુરત આવ્યા હતા તેઓ પણ સમયસર પહોંચી શક્યા નહોતા. સુરેન્દ્રનગરના મેયર તો 11 વાગ્યા બાદ પહોંચ્યા હતા. બીજી તરફ સુરતને અડીને આવેલા નવસારીના મેયર પણ સમયસર પહોંચ્યા ન હતા. સવારે 9.40 વાગ્યે ફોન કર્યા બાદ તેઓ નવસારીથી સુરત આવવા નીકળ્યા અને બપોરે ભોજન બાદ તો વિદાય પણ થઈ ગયા હોવાની ચર્ચા હતી. સૌથી મોટો સવાલ એ છે કે મેયર કોન્ફરન્સનો હેતુ શું હતો?

સામાન્ય રીતે આવી બેઠકમાં મેયરો ભેગા મળી શહેરી સમસ્યાઓ, પડકારો અને તેમના ઉકેલો અંગે મંથન કરે અને ત્યારબાદ પત્રકારો સમક્ષ બેઠકની ફળશ્રુતિ રજૂ કરે તેવી અપેક્ષા રહે છે. પરંતુ અહીં તો કોન્ફરન્સ શરૂ થાય તે પહેલાં જ સુરતના મેયર દ્વારા પત્રકાર પરિષદ યોજી દેવામાં આવી હતી. એટલે બેઠકમાં શું ચર્ચા થશે અને તેના અંતે શું નિર્ણય કે ફળશ્રુતિ નીકળશે તે પહેલાં જ પ્રેસ કોન્ફરન્સ કરી દેવામાં આવતા આયોજનની ગોઠવણી સામે પણ સવાલો ઊભા થયા છે.

બેઠકમાં મહાનગરપાલિકાઓને વધુ સુદૃઢ બનાવવા, સ્વચ્છતા, સુશાસન, નાગરિક સુવિધાઓ અને ભવિષ્યના શહેરી આયોજનમાં એકબીજાના શ્રેષ્ઠ અનુભવોનું આદાન-પ્રદાન કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. શહેરી વિકાસ, સ્થાનિક સ્વરાજ્યની કામગીરી, પડકારો અને વ્યવહારિક ઉકેલો અંગે પણ વિસ્તૃત વિચાર-વિમર્શ થયો હોવાનું જણાવાયું છે. 17માંથી માત્ર 11 મેયરોની હાજરી અને શરૂઆતથી જ જોવા મળેલી અરાજકતાએ આયોજનની ગંભીરતા પર સવાલો ઊભા કર્યા છે.

આ મેયરોએ સુરતના જમણનો આસ્વાદ માણ્યો

મેયરનું નામ	મનપાનું નામ
હિતેશ બારોટ	અમદાવાદ
ગીતા મકવાણા	વડોદરા
ઉષા તલરેજા	ભાવનગર
મોનિકા વ્યાસ	જામનગર
સોનલ ઓઝા	મહેસાણા
દક્ષા પટેલ	વાપી
દીપિકા પટેલ	આણંદ
અશોક ધોરાજિયા	નવસારી
રાકેશ રાઠોડ	સુરેન્દ્રનગર

મેયર કોન્ફરન્સ વખતે જ ICCCની બહાર રખડતા કૂતરાં દેખાયા

સુરતમાં ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સની બેઠકમાં સુરત મનપાની કામગીરીની વાહવાહી થઈ રહી હતી, ત્યારે સ્થળ બનેલા અર્બન ઓબ્ઝર્વેટરી એન્ડ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની બહાર રખડતા કૂતરાઓ આંટાફેરા મારતા જોવા મળ્યા. સ્માર્ટ સિટી મિશન હેઠળ ઉધના-મગદલ્લા રોડ પર આશરે 100 કરોડના ખર્ચે બનેલા આ કેન્દ્રનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. અહીં હજારો કેમેરાથી ટ્રાફિક, આગ, પૂર સહિતની ઇમરજન્સી પર નજર રાખવામાં આવે છે. પરંતુ પોતાની જ કરોડોની મિલકત બહાર રખડતા કૂતરાઓને રોકવામાં પાલિકા નિષ્ફળ રહી. મેયરો અને અધિકારીઓની હાજરીમાં જ આ દ્રશ્ય પાલિકાની કામગીરીની બીજી તસવીર બતાવી ગયું.

પ્લાસ્ટિકની સામે ગણેશજીની પ્રતિમા આપવાના અભિયાનમાં અપૂરતા સ્ટોકથી લોકોમાં રોષ

લિંબાયત ઝોન પર તો લોકોએ લાઇન લગાડી અને જવાબ મળ્યો કે પ્રતિમા નથી

1100 લોકો અત્યાર સુધીમાં 2100 કિલો પ્લાસ્ટિક આપીને ગણેશજીની પ્રતિમા લઈ ગયા.

ઝોન વાઇઝ વિતરીત કરાયેલી મૂર્તિઓ

ઝોન	માટીની મૂર્તિ
વરાછા-એ	150
વરાછા-બી	150
રાંદેર	150
અઠવા	150
લિંબાયત	150
ઉધના-એ	120
કતારગામ	80
સેન્ટ્રલ	65
ઉધના-બી	55

સુરત: સુરત મહાનગરપાલિકા દ્વારા પર્યાવરણ સ્વચ્છતા અને જાગૃતિનો સુંદર સંદેશો આપવા માટે ''1 કિલો પ્લાસ્ટિક વેસ્ટ આપો અને માટીની મૂર્તિ લઈ જાઓ'' નામનું વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. શનિવારથી શરૂ થયેલા આ અભિયાનને શહેરીજનો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળવાને કારણે તમામ 750 પ્રતિમાઓ વહેંચાઈ જતાં હવે લોકોને નિરાશા મળી રહી છે. મનપા દ્વારા વધુ 500 પ્રતિમાનો ઓર્ડર કરાયો હોવાનો ખુલાસો કરવામાં આવી રહ્યો છે પરંતુ ઝોન ઓફિસો પર દરરોજ માત્ર 40 થી 50 મૂર્તિઓ જ સ્ટોકમાં આવતી હોવાથી આ મૂર્તિઓ મિનિટોમાં જ પૂરી થઈ જાય છે. કલાકો સુધી લાંબી લાઈનોમાં ઊભા રહ્યા બાદ પણ લોકોને મૂર્તિ મળતી નથી અને ખાલી હાથે પાછા ફરવાનો વારો આવતા શહેરીજનોમાં ભારે રોષ અને અસંતોષની લાગણી ફેલાઈ છે.

લિંબાયત ઝોન ઓફિસ પર ક લાઈનમાં ઊભેલા લોકોને અચાનક 'મૂર્તિ નથી' તેમ કહીને પાછા મોકલી દેવાતાં ભારે હોબાળો મચ્યો હતો. લોકોનો આક્રોશ હતો કે જો માત્ર 10 થી 15 કે મર્યાદિત મૂર્તિઓ જ આપવાની હોય તો મનપાએ અગાઉથી લોકોને જાણ કરવી જોઈએ. બીજી તરફ, ઉધના ઝોન ઓફિસ પર મૂર્તિઓ ન હોવાનું કહી લોકોને વોર્ડ ઓફિસ પર ધકેલવામાં આવ્યા હતા. લોકો પ્લાસ્ટિક ઊંચકીને વોર્ડ ઓફિસે પહોંચ્યા તો ત્યાંથી એવો જવાબ મળ્યો કે ''વોર્ડને આમાં કંઈ લાગે-વળગે નહીં, તમે ઝોનમાં જાઓ અથવા કાલે આવજો.'' આમ મનપાના અધિકારીઓ અને કર્મચારીઓના બેજવાબદાર વર્તણૂકના કારણે લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકવા મજબૂર બન્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, શનિવારથી શરૂ થયેલા આ અભિયાનમાં આજદિન સુધીમાં કુલ 2100 કિલો પ્લાસ્ટિક વેસ્ટ જમા થયો છે અને કુલ 1100 માટીની મૂર્તિઓ લોકો લઈ ગયા છે.

બેફામ ડ્રાઈવિંગનો ગુનો નોંધ્યો હોય તો પણ અકસ્માત વીમાનો લાભ મળે

LICને મૃતકના પરિવારને રૂ. ૧૨.૫૦ લાખ વ્યાજ સાથે ચૂકવવા આદેશ

સુરતઃ મોટરસાઇકલ અકસ્માતમાં મૃત્યુ પામેલા વીમાધારક સામે પોલીસે બેફામ અને ગફલતભરી રીતે વાહન ચલાવવાનો ગુનો નોંધ્યો હોય, માત્ર તેટલા કારણસર જીવન વીમા પોલિસી હેઠળ મળવાપાત્ર 'એક્સિડેન્ટ બેનિફિટ'નો ક્લેમ રદ્દ કરી શકાય નહીં. તેમ નોંધી સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનના પ્રમુખ ન્યાયાધીશ આર. એલ. ઠક્કર અને સભ્ય શ્રીમતી પૂર્વી વી. જોશીએ મૃતકના પરિવારજનોને રૂ. ૧૨.૫૦ લાખનો એક્સિડેન્ટ બેનિફિટ ક્લેમ વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો હતો. સુરતના વંદનાબેન સુનીલકુમાર પટેલ તથા પુત્ર ધ્રુવ અને પાર્થે એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ અને ઈશાન શ્રેયસ દેસાઈ મારફતે LIC સુરત ડિવિઝનલ ઓફિસ સામે ગ્રાહક કમિશનમાં ફરિયાદ નોંધાવી હતી. મૃતક સુનીલકુમાર પટેલે LIC પાસેથી 'ડબલ એક્સિડેન્ટ બેનિફિટ' ધરાવતી જીવન વીમા પોલિસી લીધી હતી. તા. ૪ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ સવારે નોકરીએ જતી વખતે તાડવાડી પટેલ પાર્ક પાસે રસ્તા પર એક સ્ત્રીને બચાવવાના પ્રયાસમાં સુનીલકુમારની મોટરસાઇકલ રોડ બેરીકેડ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં માથામાં ગંભીર ઈજા થવાના કારણે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. અકસ્માત બાદ LICએ મૂળ વીમા રકમ રૂ. ૧૨.૫૦ લાખ ચૂકવી આપી હતી, પરંતુ વધારાના રૂ. ૧૨.૫૦ લાખનો 'ડબલ એક્સિડેન્ટ બેનિફિટ' ક્લેમ નામંજૂર કર્યો હતો. LICનો તર્ક હતો કે પોલીસ તપાસ મુજબ મૃતક બેફામ રીતે વાહન ચલાવતા હતા અને ટ્રાફિકના ભંગ બદલ તેમની સામે ગુનો નોંધાયો હતો, જેથી પોલિસીની શરત મુજબ વીમો મળે નહીં.

25 લાખ લીટર પાણીનો મારો અને 38 કલાક બાદ શ્યામ સંગીની માર્કેટની આગ કાબૂમાં

શટર્સ ઓગળ્યાં, સ્લેબમાં તિરાડો, પીલરો ફાટ્યા અને ગર્ડરો વળી ગયાં

સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ ના આવે ત્યાં સુધી માર્કેટ બંધ

સુરતઃ સારોલી વિસ્તારમાં આવેલી શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં છઠ્ઠા માળે ભભૂકેલી વિકરાળ આગ પર આશરે 38 કલાકની ભારે જહેમત બાદ કાબૂ મેળવવામાં આવ્યો છે. જોકે, આગ કાબૂમાં આવ્યા બાદ પણ બિલ્ડિંગમાં ઠેર ઠેર હોટસ્પોટ હોવાથી લાંબા સમય સુધી કુલિંગની કામગીરી ચાલુ રાખવી પડી હતી.

ભીષણ આગનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ફાયર વિભાગે અંદાજે 25 લાખ લિટરથી વધુ પાણીનો મારો ચલાવ્યો હતો. આગની પ્રચંડ ગરમીના કારણે લોખંડનાં શટર્સ સુધી ઓગળી ગયાં હતાં. આગના કારણે બિલ્ડિંગના સ્ટ્રક્ચરને પણ ગંભીર નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

છઠ્ઠા માળની અગાસીના સ્લેબમાં મોટી તિરાડો પડી ગઈ છે અને કેટલાંક સ્થળોએ હજુ પણ ધુમાડો નીકળી રહ્યો છે. અંદરના પીલરોમાં તિરાડો અને ફાટા પડ્યા છે, જ્યારે ભારે ગરમીના કારણે લોખંડની ગર્ડરો પણ વળી ગઈ છે.

શટર્સ ઓગળ્યાં, ફ્લોરિંગની લાદીઓ તૂટી ગઈ છે અને છઠ્ઠો માળ લગભગ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો છે. ફાયર વિભાગની કામગીરી દરમિયાન માર્કેટની આંતરિક ફાયર ફાઈટિંગ સિસ્ટમ પણ અસરકારક રીતે કાર્યરત ન હોવાનું સામે આવ્યું હતું.

ગાંધીનગર રિપોર્ટ મોકલાયો: એફએસએલ દ્વારા તપાસ કરવામાં આવશે

આગનું ચોક્કસ કારણ જાણવા સારોલી પોલીસે તપાસ તેજ કરી છે. પોલીસે માર્કેટના તમામ માળના સીસીટીવી કેમેરાના ડીવીઆર કબજે લીધા છે. એફએસએલની મદદથી ફૂટેજ તથા અન્ય પુરાવાના આધારે આગ કયા સંજોગોમાં લાગી અને ત્યારબાદ કેવી રીતે ફેલાઈ તેની તપાસ કરવામાં આવી રહી છે. માર્કેટના સ્ટ્રક્ચરને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખીને હાલ સમગ્ર માર્કેટને સીલ કરી દેવામાં આવી છે. સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી અંગેનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી વેપારીઓ કે અન્ય કોઈને અંદર પ્રવેશ આપવામાં નહીં આવે.

બે કર્મચારીઓ દ્વારા પેઢીમાંથી બે વર્ષમાં 1.03 કરોડથી વધુના જરી વેસ્ટની ચોરી

ગોપીપુરાની જયંતીલાલ એન્ડ સન્સ પેઢીમાંથી ચોરી કરનાર બે કર્મચારી સીસીટીવીમાં પકડાયા

માલ ખરીદનાર નાનપુરાના વેપારી સામે ગુનો નોંધાયો

સુરત : ગોપીપુરા વિસ્તારમાં આવેલી 'જયંતીલાલ એન્ડ કંપની' જરી પેઢીમાં છેલ્લા સાત-આઠ વર્ષથી નોકરી કરતા બે કર્મચારીઓએ રૂપિયા ૧.૦૩ કરોડથી વધુની મત્તાની ૧૦૩.૦૮૩ કિલોગ્રામ રીયલ વેસ્ટ જરીની ચોરી આચરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

ગોપીપુરા નાનીછીપવાડ ખાતે કલ્પવૃક્ષમાં રહેતા ૫૬ વર્ષીય મનીષભાઈ જયંતીલાલ મહારાજવાલા પોતાના ઘરની પાસે 'જયંતીલાલ એન્ડ કંપની' નામે જરીનો ઉત્પાદન અને વેચાણનો વેપાર કરે છે. તેમની આ વડીલોપાર્જિત પેઢીમાં નવાપુરા ગોલવાડ ખાતે રહેતો પિયુષ સુરેશભાઈ રાણા (ઉ.વ. ૩૨) અને નાનપુરા ખાતે રહેતો હરીશભાઈ નારાયણદાસ રાણા (ઉ.વ. ૬૩) છેલ્લા સાત-આઠ વર્ષથી પેકિંગ અને પરચુરણ કામકાજ માટે નોકરી કરતા હતા. જરી બનાવવા માટે સોના, ચાંદી, તાંબા અને રેશમનો ઉપયોગ થતો હોય છે અને પ્રોસેસ દરમિયાન નીકળતો વેસ્ટ માલ એક લોક મારેલા ટીપણાંમાં રાખવામાં આવતો હતો. છેલ્લા છ મહિનાથી કાચા માલ અને ઉત્પાદન થયેલી જરી વચ્ચે મોટો તફાવત આવતો હોવાથી માલિકે દેખરેખ વધારી હતી. ગત તા. ૧૫/૦૭/૨૦૨૬ના રોજ સીસીટીવી ફૂટેજમાં બંને જરી વેસ્ટની ચોરી કરતાં જણાયા હતા. માલિકે તા. ૦૧/૦૪/૨૦૨૪ થી તા. ૧૫/૦૭/૨૦૨૬ સુધીના છેલ્લા બે વર્ષના સ્ટોકની ચકાસણી કરતા ૧૦૩.૦૮૩ કિલોગ્રામ વેસ્ટ રીયલ જરીની ઘટ સામે આવી હતી. જેની કિંમત ૧,૦૩,૧૯,૬૧૫ની હતી. બંને કર્મચારીઓએ આ ચોરી કરેલો રૂપિયા ૧.૦૩ કરોડનો માલ નાનપુરા કાલાપીછીં મહોલ્લા ખાતે રહેતા સંતોષભાઈ સંપતભાઈ જાદવને વેચી દીધો હતો. મનીષભાઈની ફરિયાદના આધારે અઠવાલાઈન્સ પોલીસે પિયુષ રાણા, હરીશ રાણા અને ચોરીનો માલ લેનાર સંતોષ જાદવ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

રાંદેરના ઓટો રિક્ષા ચાલકનો ફોન હેક કરી રૂપિયા ૧.૧૭ લાખ ઉઠાવી લેવાયા

સુરત : રાંદેર હનુમાન ટેકરી રોડ પર આવેલી સલીમાબાદ સોસાયટીમાં રહેતા અને ઓટો રિક્ષા ચલાવતા ૬૪ વર્ષીય મહેંદીભાઈ બરકતઅલી હાલાનીના ફોનમાં 'XDTV' અને 'XMTV' નામની બે અજાણ્યા સ્ત્રોતની શંકાસ્પદ એપ્લિકેશન્સ આપોઆપ ઇન્સ્ટોલ થઈ ગઈ હતી અને બાદમાં ફોન બંધ થઈ ગયો હતો. જ્યારે ફોન ચાલુ થયો ત્યારે તેમના ડીસીબી બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૩૦,૦૦૦, રૂપિયા ૩૦,૦૦૦ અને રૂપિયા ૩૬,૦૦૦ મળી કુલ રૂપિયા ૯૬,૦૦૦ ઈન્ડસઈન્ડ બેંકના 'મનીષ મવાઈ' નામના એકાઉન્ટમાં જમા થઈ ગયા હતા. આ ઉપરાંત તેમના એસબીઆઈ બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૨૧,૨૦૬ ઈન્ડસઈન્ડ બેંકના 'સુમન ખન્ના' નામના ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા.

પાંચ દિવસ બેન્કિંગ માટે આજે ગુજરાતમાં 75 હજારથી વધુ બેન્ક કર્મચારીની હડતાળ

રાજ્યની 5,400 બેન્ક શાખા બંધ રહેવાની શક્યતા, 15,000 કરોડના વ્યવહારો અટકશે

ઉકેલ નહીં આવે તો 28થી 30 સપ્ટેમ્બર અને 26 ઓક્ટોબરથી અનિશ્ચિત હડતાળ

સુરતમાં આજે બેન્ક કર્મચારીઓનું શક્તિ પ્રદર્શન

હડતાળના સમર્થનમાં સુરતના બેન્ક કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા આવતીકાલે સવારે 10 વાગ્યે બેન્ક ઓફ બરોડા, સુરત ઝોનલ ઓફિસ, ઘોડદોડ રોડ ખાતે કાર્યક્રમ યોજાશે. વિવિધ બેન્ક યુનિયનો અને સંગઠનોના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સરકાર સામે પોતાની માંગણીઓ ઉઠાવશે અને સંઘર્ષને આગળ ધપાવવાનો સંકલ્પ કરશે. ઉકેલ નહીં આવે તો તબક્કાવાર આંદોલન છેડવાની ચીમકી આપવામાં આવી છે. પડતર પ્રશ્નોના તાત્કાલિક ઉકેલની માંગ સાથે બેન્ક કર્મચારીઓએ સરકાર પર નિર્ણય લેવા દબાણ વધાર્યું છે.

સુરતઃ યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (UFBU) અને ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયનના એલાનને પગલે આવતીકાલે તા.11 સપ્ટેમ્બર, 2026ના શુક્રવારે ગુજરાતભરના આશરે 75 હજાર બેન્ક કર્મચારીઓ અને અધિકારીઓ એક દિવસની હડતાળ પર ઊતરશે. હડતાળને પગલે રાજ્યની અંદાજે 5,400 બેન્ક શાખાના કામકાજને અસર થવાની અને આશરે રૂ.15 હજાર કરોડના બેન્કિંગ વ્યવહારો અટકવાની શક્યતા છે. UFBUએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, 11 સપ્ટેમ્બરની હડતાળ બાદ પણ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો 28, 29 અને 30 સપ્ટેમ્બરે ત્રણ દિવસની હડતાળ કરવામાં આવશે. ત્યારબાદ પણ સરકાર તરફથી સંતોષકારક ઉકેલ નહીં આવે તો 26 ઓક્ટોબર, 2026થી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરવાની ચીમકી આપવામાં આવી છે. બેન્ક કર્મચારીઓની મુખ્ય માંગ પાંચ દિવસીય બેન્કિંગ વ્યવસ્થા લાગુ કરવાની છે.

પુણામાં હોટફિક્સ કચરામાં ભીષણ આગ લાગી

સુરતઃ પુણાગામ વિસ્તારમાં સીતાનગરથી બોમ્બે માર્કેટ તરફ જતા અર્થના સ્કૂલ પાસે પ્લાસ્ટિકના કચરાના ઢગલામાં અચાનક વિકરાળ આગ ભભૂકી ઊઠી હતી. કચરો પ્લાસ્ટિક મટિરિયલનો હોવાથી આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેના કારણે સમગ્ર વિસ્તારમાં કાળા ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી આકાશમાં છવાઈ ગયા હતા. આગ અને ધુમાડાના કારણે આસપાસના રહીશો તથા રાહદારીઓમાં ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તેમજ લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડવા લાગી હતી. ઘટના અંગે ફાયર વિભાગને સાંજે 6 વાગ્યે કોલ મળ્યો હતો. બનાવની જાણ થતાં જ પુણા ફાયર સ્ટેશનનો કાફલો ગણતરીની મિનિટ્સમાં ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને આગને વધુ ફેલાતી અટકાવી હતી અને ટૂંક સમયમાં જ તેના પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
પીપલોદ {સં. અને નિ} વિભાગીય કચેરી
DGVCL DGVCL

પહેલો માળ, ઈ-સ્પેસની સામે, ભગવાન મહાવીર કોલેજ ચાર રસ્તા, ન્યુ વી.આઈ.પી.રોડ, ભરથાણા-વેસુ, સુરત-૩૯૫૦૦૭

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ (કે ૧૮૦૦૨૩૩૩૦૦૩)

આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવવાનું કે સબસ્ટેશન માં ૧૧ કે.વી. પેનલ કમીશન વર્ક અને નવા ટ્રાન્સફોરમર ની કામગીરી હોવાના કારણે નીચે દર્શાવેલ સબસ્ટેશનમાંથી નીકળતા ફીડરોનો વીજપ્રવાહ નીચે દર્શાવેલ તારીખ અને સમય મુજબ બંધ રહેશે.

સબ સ્ટેશન	ફીડર	સબ ડીવીઝન	વિસ્તાર	ફોલ્ટ સેન્ટર નં	તારીખ	સમય
૬૬ કે.વી. GHB સબ સ્ટેશન	૬૬ કે.વી. GHB સબ સ્ટેશન માંથી નીકળતા તમામ ફીડરો	ઈચ્છાપોર	ગુજરાત હીરા બુર્સ માં આવેલ A રોડ થી X રોડ ના તમામ વિસ્તાર	૧૯૧૨૩	૧૩.૦૯.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૮:૦૦

નોંધ :-સમારકામ પૂર્ણ થયેથી કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઈજનેર(સં.અને નિ), પીપલોદ વિભાગીય કચેરી, ઇ.ગુ.વી.કં.લિ.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃદર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

બીલીમોરા નગરપાલિકા, બીલીમોરા
ટુંકી મુદતની જાહેર નોટીશ ક્રમાંક /૨૦૨૬-૨૭

સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ અંતર્ગત તદ્દન હંગામી ધોરણે સિટી મેનેજર - SWM અને સીટી મેનેજર - UWM ની જગ્યા કરાર આધારિત (તદ્દન હંગામી ધોરણે) ભરવાની હોય નીચે જણાવેલ લાયકાત, વય મર્યાદા તેમજ અનુભવ ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત અને અનુભવનાં જરૂરી પ્રમાણપત્રો સીલબંધ કવરમાં તા.૨૫/૦૯/૨૦૨૬ નાં રોજ સાંજે ૪૦૦ કલાક સુધીમાં રજી.પોસ્ટ એ.ડી./કુરીયર દ્વારા મળી જાય તે રીતે પહોંચતા કરવા.

અ.નં	જગ્યા/હોદ્દો	સંખ્યા	ફિક્સ પગાર
૧	સિટી મેનેજર- SWM (કરાર આધારિત) (તદ્દન હંગામી ધોરણે)	૧	રૂા.૩૦૦૦૦/-
૨	સિટી મેનેજર- UWM (કરાર આધારિત) (તદ્દન હંગામી ધોરણે)	૧	રૂા.૩૦૦૦૦/-

નોંધ :
(૧) નગરપાલિકા કક્ષાનું સ્વચ્છ ભારત મિશન અર્બનનું મહેકમ મિશનનો સમયગાળા સુધીનું રહેશે. ત્યારબાદ આ મહેકમ